# કેબ વિશે

## વિઝન (દૃષ્ટિ – દૂરદર્શિતા)

ઇસ્માઇલી મુસ્લિમોના વિવાદ નિવારણ બાબતમાં કેબ પ્રથમ પસંદગી બનવા પામે, કે જે વૈકલ્પિક વિવાદ નિવારણ માટે સર્વ શ્રેષ્ઠ એવી સેવાઓ પ્રદાન કરે અને વિવાદ અટકાવવા પ્રોત્સાહન આપે.

## મિશન (ઉદ્દેશ)

(અ) વિશ્વભરના ઇસ્માઇલી મુસ્લિમ સમુદાયને વિવાદ નિવારણ માટે, ઉચ્ચ તાલીમ પામેલા અને સમર્પિત વોલીન્ટીયર્સ દ્વારા ઉચ્ચત્તમ કક્ષાની સેવાઓ પુરી પાડવી, અને

(બ) અન્ય જમાતી સંસ્થાઓ દ્વારા વિવાદ અટકાવવા પ્રોત્સાહન આપવું.

## વેલ્યુસ (મૂલ્યો)

- ગુપ્તતા જાળવવી.
- પ્રમાણિકતા અને નિષ્પક્ષતા સાથે કાર્ય કરવું.
- ઉત્તમ સેવા આપવી.
- દયાભાવ અને વચનબદ્ધતા દર્શાવવી.
- સાંસ્કૃતિક રીતે સંવેદનશીલતા જાળવવી.
- લગતા કાયદાઓ અને આપણા તરીકા મુજબ નૈતિકતાનું પાલન કરવું.

# વિવિધ પ્રકારની બાબતો

## વૈવાહિક બાબતો

- પતિ-પત્ની વચ્ચે વિવાદ
- અલગ થવું / છૂટાછેડા
- બચ્ચાઓનો સંભાળ-ખર્ચ તેમજ લગતી જવાબદારીના નિર્ણયો
- પતિ-પત્નીની સંયુક્ત માલિકીની સંપત્તિનુ વિભાજન
- વૈવાહિક જીવનના અન્ય વિવાદો

## વ્યવસાયિક

- વેપાર અને ભાગીદારીના વિવાદો
- રોજગારના વિવાદો
- અન્ય નાગરિક જવાબદારીને લગતી બાબતો

## કૌટુમ્બિક

- વારસા અને સંપત્તિના પ્રશ્નો
- આરોગ્યસંભાળ (હેલ્થકેર) સબંધી નિર્ણયો
- દફનવિધિના નિર્ણયો

> “કોઇ પણ મતભેદનું સહનશીલતા દ્વારા, સમજદારી દ્વારા, સહાનુભૂતિ દ્વારા, વાતચીત દ્વારા, માફી દ્વારા, ઉદારતા દ્વારા નિવારણ કરવું જોઇએ, જે દરેક ઇસ્લામની નીતિમત્તાનું પ્રતિનિધત્વ કરે છે.”
>
> મૌલાના હાઝર ઇમામ,
> અલ-ખ્વાબી, સીરિયા,
> ૭મી નવેમ્બર, ૨૦૦૧

# મધ્યસ્થતા વિશે

## મધ્યસ્થતા શું છે?

મધ્યસ્થતા એ એક ગુપ્ત / ખાનગી પ્રક્રિયા છે જેમાં મધ્યસ્થી કરનાર પક્ષકારોને કોઇ પણ સૂચનો અથવા અભિપ્રાયો આપ્યા વગર સંભવિત ઉકેલોથી વિવાદનું આપસી સમાધાન કરવામાં મદદરુપ થાય છે.

ન્યાયાધીશ અથવા પંચથી વિપરીત, મધ્યસ્થી કરનાર વ્યક્તિ કોણ સાચો કે ખોટો છે એ ચુકાદો આપતો નથી. પક્ષકારો એકબીજા સાથે મળીને, મધ્યસ્થી કરનારની સહાયતાથી, બાંધછોડ કરી તેમના વિવાદનું શાંતિપૂર્ણ રીતે સમાધાન કરે છે.

મૌલાના હઝાર ઇમામે, ઇસ્માઇલીઓને, ઓછી ખર્ચાળ અને અસરકારક રીતે વિવાદ નિવારણની સેવા પ્રદાન કરવા માટે કેબની સ્થાપના કરેલ છે.

વિવાદમાં ઓછામાં ઓછુ કોઇ એક પક્ષ ઇસમાઇલી હોય તો કેબ તેમાં મધ્યસ્થી કરી શકે છે.

## મધ્યસ્થતા શા માટે?

- તે ગુપ્ત/ ખાનગી પ્રક્રિયા છે.
- તે કિફાયતી છે.
- તે ઓછી ખર્ચાળ તેમજ વિવાદ નિવારણ માટે વધુ અસરકારક છે.
- વિવાદનું નિવારણ કેવી રીતે કરવું, તે માટે તે પક્ષકારોને આપસમાં નિર્ણય લેવા સમર્થ બનાવે છે.
- તે પક્ષકારોને અન્યના પરિપેક્ષ્ય અને દૃષ્ટિકોણને વધુ સારી રીતે સમજવાની તક આપે છે.

## કેબના સભ્યો

કેબના બધા સભ્યોની નિમણુંક ત્રણ વર્ષની મુદત માટે મૌલાના હઝાર ઇમામ દ્વારા કરવામાં આવે છે અને તેઓ સ્વૈચ્છિક ધોરણે સેવા આપે છે.

કેબના સભ્યોમાં સ્ત્રી-પુરુષનુ સમ્તુલન જાળવતા તેમાં ઇસ્માઇલી સમુદાયની વિવિધતા અને અનેક્તાવાદને પ્રતિબિંબિત કરતા, વ્યવસાહીકો, સામાજિક કાર્યકરો, વેપારીઓ અને સિનિયર જમાતી આગેવાનોનો સમાવેશ થતો હોય છે.

કેબ સભ્યોને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત મધ્યસ્થતા ધોરણો આધારિત તેમજ ઇસ્લામિક નીતિમત્તાનાં સિદ્ધાંતોને પ્રતિબિંબ કરતી સઘન તાલીમ આપવામાં આવે છે.



# નીતિમત્તાનું માળખુ:

નીતિમત્તાના માળખામાં, કેબની સેવાઓ નીચે મુજબના ઇસ્લામના નીતિમત્તાના સિધ્ધાંતોને અનુસરે છે:

## સુલેહ-શાંતિની નીતિમત્તા

પક્ષકારોએ એકબીજાને પ્રતિસ્પર્ધી તરીકે નહીં, પરંતુ સગાંસંબંધી તરીકે લેખી, વિવાદને પારિવારિક વિવાદ માની તેનું સુલેહ-શાન્તિપૂર્વક નિવારણ કરવું જોઇએ.

## પ્રમાણિકતા / અખંડતાની નીતિમત્તા

પક્ષકારો પોતે, તેમજ એક બીજા સાથે પ્રામાણિકતાથી વર્તે.

## આત્મસંમાનની નીતિમત્તા

પક્ષકારો એકબીજા સાથે આદર અને સન્માનપૂર્વક વર્તે, એકબીજાના આત્મસંમાનનું આદર કરે.

## સંવેદના / સહાનુભૂતિની નીતિમત્તા

પક્ષકારો એકબીજાને સાંભળે અને કોઈપણ પૂર્વગ્રહ અથવા પૂર્વાનુમાન વિના એક બીજાના દૃષ્ટિકોણને સમજવાનો પ્રયત્ન કરે.

## વ્યાજબી / યોગ્ય સંવાદની નીતિમત્તા

પક્ષકારો વ્યાજબી સંવાદમાં જોડાય. એ જરૂરી છે કે પક્ષકારો સહાનુભૂતિથી એક બીજાને સાંભળે, અને પ્રમાણિકતા અને આદરપૂર્વક વાતચીત કરે.

## સહ્યાગરાં પ્રયાસોની નીતિમત્તા

રચનાત્મક ઉકેલો શોધવા, બાંધછોડની ભાવના અને સામાન્ય હિત જળવાઇ રહે એવી ભાવનાથી પક્ષકારો સાથે મળીને મુદ્દાઓ ઉપર કામ કરે.

## નૈતિક તર્કની નીતિમત્તા

પક્ષકારો પ્રમાણિકતાથી, વ્યાજબી, ન્યાયિક રીતે અને ઇમાનદારીથી વિવાદને હલ કરવાનો પ્રયાસ કરે.

## સમાનતાની (ઇકવીટીની) નીતિમત્તા

પક્ષકારો વ્યાજબી રીતે સામાન્ય હિત માટે બાંધછોડની અને દરગુજર કરવાની ભાવનાથી કાર્ય કરે.

## સંબંધ-સુધારની (હીલિંગની) નીતિમત્તા

પારિવારિક ભાવના તેમજ દયાભાવ અને દરગુજર કરવાની ભાવનાથી, પક્ષકારોએ સંબંધ-સુધાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું.

# આચાર સંહિતા

## મધ્યસ્થતાની આચાર સંહિતા

- મધ્યસ્થતાની ગુપ્તતા જાળવવી.
- સન્માનપૂર્વક અને સભ્ય રીતે વિચારો વ્યક્ત કરવા.
- વિવાદને આપસી સમજુતી અને સહકારપૂર્ણ રીતે ઉકેલવાના હેતુસર, ખુલ્લા મનથી સાંભળીને પ્રક્રિયામાં જોડાવવું.
- રચનાત્મક ઉકેલો દ્વારા સામાન્ય હિત જળવાય, એ હેતુથી, સહયોગ અને બાંધછોડની ભાવના સાથે મધ્યસ્થી કરવી.
- બધા સાથે માન અને આદરથી વર્તવું.

# શું અપેક્ષાઓ રાખી શકાય

પક્ષકારો સ્વેચ્છાએ મધ્યસ્થીમાં ભાગ લેવા માટે રાજી છે કે કેમ, તે નક્કી કરવા કેબના મેમ્બર દરેક પક્ષકારોનો સંપર્ક કરશે.

જો પક્ષકારો  કેબની સેવાઓ લેવા માટે સહમત થાય, તો તેઓ સ્વેચ્છાએ અને સારી નિયતથી મધ્યસ્થી પ્રક્રિયામાં જોડાવવા તેમજ મધ્યસ્થતાના પાયાના નિયમોનો સ્વીકાર કરે છે તેની પુષ્ટિ માટે સહી કરેલું સબમિશન ફોર્મ તેઓએ જમા કરાવવું જરૂરી છે.

કેબ મેમ્બર મધ્યસ્થી પ્રક્રિયા વિષે તેમજ મધ્યસ્થીના સિદ્ધાંતો અને તેના પાયાના નિયમોની સમજણ આપશે.

વિવાદને કાર્યક્ષમ અને સમયસર રીતે ઉકેલવા માટેના વિકલ્પો શોધવા કેબ મેમ્બર પક્ષકારો સાથે મધ્યસ્થીની અનેક બેઠકો કરશે.

પક્ષકારો વચ્ચે સમજુતી થઇ જતા, કેબ મેમ્બર પક્ષકારોને બંધનકર્તા સમજુતીનો કરાર બનાવવામાં સહાયરૂપ થશે.

મધ્યસ્થી બાદ તેની પ્રક્રિયા અંગે પક્ષકારોનો પ્રતિસાદ મેળવવા, તેમજ સમજુતીની સ્થિતિનુ અવલોકન કરવા તેમજ બીજી અન્ય કોઇ સેવાની અગર આવશ્યકતા હોય તે જાણવા કેબ, પક્ષકારો સાથે ફોલો અપ કરશે

# સંપર્ક

ટેલિફોન

ઇમેઇલ

વેબસાઈટ

## કન્સીલિએશન એન્ડ આર્બિટ્રેશન બોર્ડ



# અધિકૃત આદેશ

ઇસ્માઇલી કન્સીલિએશન એન્ડ આર્બિટ્રેશન બોર્ડ્ર્સનો એ અધિકૃત આદેશ (મેન્ડેટ) છે કે – ઇસ્લામના નીતિમત્તાનાં સિદ્ધાંતો પ્રમાણે જમાતના વ્યવસાયિક, વૈવાહિક જીવન સંબંધિત, વસીયતી અને બિન-વસીયતી વારસો અને અન્ય નાગરિક જવાબદારી બાબતોના વિવાદોને વ્યાજબી, કુશળતાપૂર્વક, ખાનગી રીતે, ઓછા ખર્ચે, તેમજ આપસી સમજુતી અને રચનાત્મક વાતાવરણમાં નિવારણ કરવા મદદરૂપ થવું.

**કન્સીલિએશન એન્ડ આર્બિટ્રેશન બોર્ડનો**

વધુ માહિતી માટે વેબસાઇટ જુઓ


the.ismaili/cab